॥ શ્રી સ્વામિનારાયણો વિજયતે ॥

ભગવાન શ્રી સ્વામિનારાયણની પરાવાણી

વચનામૃતના સારરૂપ ૬ વિચારો

100 प्रमुखस्वामी महाराज शताब्दी महोत्सव

स्वामिनारायण BAPS

1819-2019 200 વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ

વિચાર

૧

પ્રાપ્તિનો વિચાર

❖ સાચા સંત થકી જ ભગવાનનું સ્વરૂપ યથાર્થ સમજી શકાય છે, તેમ ભગવાન સ્વામિનારાયણે સ્પષ્ટપણે જણાવ્યું છે. તેઓ કહે છે, *'શાસ્ત્રે કહ્યાં જે નિષ્કામ, નિર્લોભ, નિર્માન, નિ:સ્વાદ, નિ:સ્નેહ ઇત્યાદિક સંતનાં લક્ષણ તેને સાંભળીને એવાં લક્ષણ જ્યાં દેખાય એવા જે સંત તેને ને ભગવાનને સાક્ષાત્ સંબંધ હોય; માટે એવા સંતનાં વચને કરીને ભગવાનનો નિશ્ચય કરવો ને તેના વચનમાં દૃઢ વિશ્વાસ કરવો તેને નિશ્ચય કહીએ.' (વચનામૃત ગઢડા અંત્ય - ૨૭)*

અહીં ભગવાન સ્વામિનારાયણ સ્પષ્ટ જણાવે છે કે,

અ) નિષ્કામ, નિર્લોભ, નિર્માન, નિ:સ્વાદ, નિ:સ્નેહ વગેરે લક્ષણે યુક્ત સંતને અને ભગવાનને સાક્ષાત્ સંબંધ હોય.

બ) ભગવાન સાથે સાક્ષાત્ સંબંધે યુક્ત સંતમાં ભગવાનની પેઠે અનેક ઐશ્વર્યો હોય (વચનામૃત ગઢડા પ્રથમ - ૨૭); તથા તેમની ઉપસ્થિતિમાં શાસ્ત્રો, મંદિરો, નિયમધર્મયુક્ત સંતો તથા ઉત્તમ ભક્તોનું નિર્માણ વગેરે અનેક અદ્વિતીય કાર્યો સાહજિક રીતે થતાં રહે.

ક) આવાં ગુણ, ઐશ્વર્ય અને કાર્યે યુક્ત સંતને ઓળખી તેમના થકી જ ભગવાનનો નિશ્ચય કરવો જોઈએ.

❖ આપણી ગુણાતીત ગુરુપરંપરા ઉપરોક્ત ગુણ, ઐશ્વર્ય અને કાર્યે યુક્ત છે. આવા અદ્વિતીય ગુરુઓએ વચનામૃતને આધારે જ સમજાવ્યું છે કે :

૧. ભગવાન સ્વામિનારાયણ સર્વકર્તાહર્તા, સર્વોપરી, સર્વસુખમય પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ છે :

- ભગવાન સ્વામિનારાયણ પોતાના સ્વરૂપનો યથાર્થ પરિચય આપતાં કહે છે, *'સર્વોપરી જે પુરુષોત્તમ ભગવાન તે જ દયાએ કરીને જીવોના કલ્યાણને અર્થે આ પૃથ્વીને વિષે પ્રકટ થયા થકા સર્વ જનના નયનગોચર વર્તે છે ને તમારા ઈષ્ટદેવ છે ને તમારી સેવાને અંગીકાર કરે છે. અને એવા જે એ પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તેના સ્વરૂપમાં ને અક્ષરધામને વિષે રહ્યા જે ભગવાન તેના સ્વરૂપમાં કાંઈ પણ ભેદ નથી; એ બે એક જ છે. અને એવા જે આ પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તે અક્ષરાદિક સર્વના નિયંતા છે, ઈશ્વરના પણ ઈશ્વર છે ને સર્વ કારણના પણ કારણ છે ને સર્વોપરી વર્તે છે ને સર્વ અવતારના અવતારી છે ને તમારે સર્વેને એકાંતિકભાવે કરીને ઉપાસના કરવા યોગ્ય છે.' (વચનામૃત ગઢડા અંત્ય ૩૮)*

  આમ, ભગવાન સ્વામિનારાયણ પોતે જ સર્વકર્તાહર્તા તથા સર્વોપરી પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ છે.

  અન્ય કેટલાંક વચનામૃતોમાં પણ ભગવાન સ્વામિનારાયણે સ્વમુખે પોતાનું સ્વરૂપ સમજાવ્યું છે. જેમ કે, વચનામૃત ગઢડા મધ્ય ૯ તથા ૧૩, વચનામૃત અમદાવાદ ૬ તથા ૭.

- પોતાની મૂર્તિમાં કેવું અલૌકિક સુખ રહેલું છે તે જણાવતાં ભગવાન સ્વામિનારાયણ કહે છે, *"(ભક્ત) ભગવાનનો મહિમા એમ વિચારે જે, 'જે પ્રત્યક્ષ ભગવાન મળ્યા છે તે પરમાત્મા છે. અને ગોલોક, વૈકુંઠ, શ્વેતદ્વીપ તથા બ્રહ્મપુર તથા અનંત કોટિ બ્રહ્માંડના પતિ જે બ્રહ્માદિક દેવ, એ સર્વના સ્વામી જે શ્રીપુરુષોત્તમ ભગવાન તે મને પ્રત્યક્ષ મળ્યા છે અને તે મારા આત્માને વિષે પણ અખંડ વિરાજમાન છે. અને તે ભગવાનનું જે એક નિમેષમાત્રનું દર્શન તે ઉપર અનંત કોટિ બ્રહ્માંડનાં જે વિષયસુખ છે તે સર્વેને વારીફેરીને નાંખી દેઈએ અને ભગવાનના એક રોમમાં જેટલું સુખ રહ્યું છે તેટલું સુખ જો અનંત કોટિ બ્રહ્માંડનાં વિષયસુખ ભેળાં કરીએ તોપણ તેના કોટિમા ભાગની બરોબર પણ થાય નહિ.*

અને જે ભગવાનનું અક્ષરધામ છે તેની આગળ બીજા જે દેવતાના લોક છે, તેને મોક્ષધર્મ(મહાભારત)ને વિષે નરકતુલ્ય કહ્યા છે. એવા જે ભગવાન તે મને પ્રકટ મળ્યા છે.'' (વચનામૃત સારંગપુર ૧)

આમ, ભગવાન સ્વામિનારાયણ સર્વસુખમય છે.

૨. ગુણાતીતાનંદ સ્વામી અક્ષરબ્રહ્મ છે :

- પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન સ્વામિનારાયણ પોતાના અનાદિ સેવક અક્ષરબ્રહ્મ સહિત જ પૃથ્વી પર પધાર્યા છે, તે જણાવતાં તેઓ કહે છે, *'ભગવાન જીવના કલ્યાણને અર્થે જ્યારે મૂર્તિ ધારણ કરે છે ત્યારે પોતાનું જે અક્ષરધામ અને ચૈતન્યમૂર્તિ એવા જે પાર્ષદ અને પોતાનાં જે સર્વે ઐશ્વર્ય તે સહિત જ પધારે છે, પણ એ બીજાના દેખ્યામાં આવે નહિ... માટે ભગવાનના ભક્તને ભગવાનનું સ્વરૂપ અક્ષરધામ સહિત પૃથ્વી ઉપર વિરાજમાન છે એમ સમજવું અને બીજા આગળ પણ એવી રીતે વાર્તા કરવી.' (વચનામૃત ગઢડા પ્રથમ ૭૧)*

અહીં જણાવ્યા પ્રમાણે પોતાની સાથે પૃથ્વી પર પધારેલ અક્ષરધામ (અક્ષરબ્રહ્મ) એ સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી જ છે, તેવી વાત ભગવાન સ્વામિનારાયણે સ્વમુખે ઘણીવાર સત્સંગમાં કરી છે.

ભગવાન સ્વામિનારાયણનો ૧૨ વર્ષ સુધી પ્રત્યક્ષ લાભ લેનાર સદ્‌ગુરુ વિજ્ઞાનાનંદ સ્વામીએ બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજને કહેલું, 'ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષર છે, તે વાત મેં ઘણીવાર ભગવાન સ્વામિનારાયણ પાસેથી સાંભળી છે. વળી, ગોપાળાનંદ સ્વામી પણ એ વાતનું ઘણું પ્રતિપાદન કરતા.'

આવી તો અનેક ઐતિહાસિક હકીકતો સંપ્રદાયમાં પ્રસિદ્ધ છે, જે 'અક્ષરપુરુષોત્તમ ઉપાસના' જેવાં સાંપ્રદાયિક પુસ્તકોમાંથી જાણી શકાશે.

૩. ગુરુહરિ મહંતસ્વામી મહારાજ પ્રત્યક્ષ અક્ષરબ્રહ્મ છે, અને તેમના દ્વારા ભગવાન સ્વામિનારાયણ પ્રગટ છે :

- સત્પુરુષનો મહિમા સમજાવતાં ભગવાન સ્વામિનારાયણ કહે છે, *'જ્ઞાન, ભક્તિ, વૈરાગ્યાદિક જે અનંત શુભ ગુણ તેણે યુક્ત જે ભક્ત હોય તેના હૃદયમાં ભગવાન નિવાસ કરે છે. પછી તે ભક્ત જે તે ભગવાનને પ્રતાપે કરીને અનંત પ્રકારનાં ઐશ્વર્યને પામે છે ને અનંત જીવના ઉદ્ધારને કરે છે. અને એવી સામર્થીએ યુક્ત થકો પણ અન્ય*

જીવનાં માન-અપમાનને સહન કરે છે એ પણ મોટી સામર્થી છે; કાં જે, સમર્થ થકા જરણા કરવી તે કોઈથી થાય નહીં, એવી રીતે જરણા કરે તેને અતિ મોટા જાણવા. અને એ સમર્થ તો કેવો જે, એનાં નેત્રમાં ભગવાન જોનારા છે તે માટે બ્રહ્માંડમાં જેટલાં જીવપ્રાણી છે તેનાં નેત્રને પ્રકાશ કરવાને સમર્થ થાય છે, અને એના પગમાં ચાલનારા ભગવાન છે તે માટે બ્રહ્માંડમાં સર્વ જીવના પગને વિષે ચાલવાની શક્તિને પોષણ કરવાને એ સમર્થ થાય છે; એમ એ સંતની સર્વે ઈન્દ્રિયોમાં ભગવાન રહ્યા છે, તે માટે એ સંત તો બ્રહ્માંડમાં સર્વે જીવોનાં ઈન્દ્રિયોને પ્રકાશ કરવાને સમર્થ થાય છે. માટે એ સંત તો સર્વ જગતના આધારરૂપ છે.' (વચનામૃત ગઢડા પ્રથમ ૨૭)

ભગવાન સ્વામિનારાયણનાં આ વચનોને આધારે ફલિત થાય છે કે,

અ) 'સંતના હૃદયમાં ભગવાન નિવાસ કરે છે.' - તેથી સંત સ્વયં પુરુષોત્તમ ભગવાન નથી.

બ) 'સંત તો સર્વ જગતના આધારરૂપ છે.' - પરબ્રહ્મની નિત્ય ઇચ્છાથી અનંત કોટિ બ્રહ્માંડના આધાર તો અક્ષરબ્રહ્મ છે (વચનામૃત ગઢડા પ્રથમ ૭૩), તેથી અહીં વર્ણવેલ સંત અક્ષરબ્રહ્મ છે, કે જેમાં પરબ્રહ્મ ભગવાન અખંડ નિવાસ કરીને રહે છે.

ક) પ્રગટ ગુરુહરિ મહંતસ્વામી મહારાજ જ્ઞાન, ભક્તિ, વૈરાગ્યાદિક અનંત શુભ ગુણે યુક્ત છે, માટે તેઓ પ્રત્યક્ષ અક્ષરબ્રહ્મ છે, અને તેમના દ્વારા પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન સ્વામિનારાયણ પ્રગટ છે.

- ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિએ યુક્ત આવા સંત દ્વારા ભગવાન પ્રગટ રહે છે, આ વાત બીજાં અનેક વચનામૃતોમાં પણ સમજાવવામાં આવી છે. જેમ કે,
  - ✦ સંતમાં ભગવાનનો અખંડ નિવાસ - વચનામૃત ગઢડા પ્રથમ ૫૬, ૬૮; વચનામૃત ગઢડા અંત્ય ૩૫
  - ✦ સંતનો ભગવાન જેવો જ પ્રતાપ - વચનામૃત ગઢડા મધ્ય ૨૨
  - ✦ સંતનું દર્શન એટલે ભગવાનનું દર્શન - વચનામૃત ગઢડા પ્રથમ ૩૭, વચનામૃત સારંગપુર ૧૦
  - ✦ સંતની સેવા એટલે ભગવાનની સેવા - વચનામૃત ગઢડા અંત્ય ૨૬, ૩૫

❖ આવી અદ્વિતીય પ્રાપ્તિનો વિચાર કરવાથી લાભ :

૧) વિષયની વાસનાઓ ટળી જાય છે :

વિષયની નિવૃત્તિ થવાનો ઉપાય બતાવતાં ભગવાન સ્વામિનારાયણ કહે છે, *'ભગવાનનું જે એક નિમેષમાત્રનું દર્શન તે ઉપર અનંત કોટિ બ્રહ્માંડનાં જે વિષયસુખ છે તે સર્વેને વારીફેરીને નાંખી દેઈએ અને ભગવાનના એક રોમમાં જેટલું સુખ રહ્યું છે તેટલું સુખ જો અનંત કોટિ બ્રહ્માંડનાં વિષયસુખ ભેળાં કરીએ તોપણ તેના કોટિમા ભાગની બરોબર પણ થાય નહિ. અને જે ભગવાનનું અક્ષરધામ છે તેની આગળ બીજા જે દેવતાના લોક છે, તેને મોક્ષધર્મને વિષે નરકતુલ્ય કહ્યા છે. એવા જે ભગવાન તે મને પ્રકટ મળ્યા છે. તેને મૂકીને નરકના કુંડ જેવાં જે વિષયનાં સુખ તેને હું શું ઇચ્છું ?' (વચનામૃત સારંગપુર ૧)*

આમ, આવા વિચારથી વિષયની ઇચ્છાઓ ટળે છે.

૨) કલ્યાણની પ્રતીતિ થાય છે :

પ્રાપ્તિનો વિચાર દૃઢ થવાથી મહિમા સહિત ભગવાનનો નિશ્ચય દૃઢ થાય છે. જેને પરિણામે કલ્યાણની પ્રતીતિ આવે છે. ભગવાન સ્વામિનારાયણ કહે છે, *'જેને માહાત્મ્યે સહિત નિશ્ચય હોય તેને તો એમ સમજાય જે, 'જે દિવસે ભગવાનનું દર્શન થયું તે દિવસથી જ કલ્યાણ તો થઈ રહ્યું છે અને જે જીવ ભાવે કરીને મારું દર્શન કરે તથા મારું વચન માને તેનું પણ કલ્યાણ થઈ જાય તો મારે કલ્યાણનો શ્યો સંશય છે ? હું તો કૃતાર્થ છું અને જે કાંઈ સાધન કરું છું તે તો ભગવાનની પ્રસન્નતાને અર્થે કરું છું.'' (વચનામૃત ગઢડા પ્રથમ ૭૨)*

૩) અતિ આનંદ રહે છે :

થયેલ પ્રાપ્તિને વારંવાર યાદ કરવાથી અતિ આનંદ અનુભવાય છે. આ અંગે ભગવાન સ્વામિનારાયણ સમજાવે છે, *''જે ભક્ત એમ સમજે જે, 'આ ભગવાન ને આ સંત તે સર્વે વૈકુંઠ, ગોલોક અને બ્રહ્મપુર તેના નિવાસી છે. તે સંત ને પરમેશ્વર જ્યાં વિરાજમાન છે ત્યાં જ એ સર્વે ધામ છે અને એ સંત ભેળો મારો નિવાસ થયો છે તે મારું અતિ બડું ભાગ્ય છે.' એવી રીતે સમજે તો આઠે પહોર આશ્ચર્ય સરખું રહે અને આઠે પહોર આનંદના સમુદ્રમાં ઝીલતો રહે.'' (વચનામૃત ગઢડા પ્રથમ ૭૮)*

❖ પ્રાપ્તિના વિચારના શબ્દો :

- **મને પરમ શુદ્ધ અને મહાસમર્થ ગુરુ મળ્યા છે. એમનાં વચનો પરમ સત્ય છે.**
- **એમણે આપેલ જ્ઞાન મુજબ ભગવાન સ્વામિનારાયણ સર્વકર્તા-હર્તા, સર્વોપરી, સર્વસુખમય પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ છે, ગુણાતીતાનંદ સ્વામી અક્ષરબ્રહ્મ છે, અને તે બંને આજે મને ગુરુહરિ મહંતસ્વામી મહારાજ દ્વારા પ્રગટ મળ્યા છે.**
- **દેહ મૂકીને જેને પામવાના છે, તે મને દેહ છતાં મળી ગયા છે. હું આ પ્રાપ્તિથી ધન્ય અને કૃતાર્થ થઈ ગયો છું. મારું કલ્યાણ નિશ્ચિત થઈ ગયું છે.**

આ શબ્દોનું વારંવાર મનન કરવું જોઈએ.

❖ પ્રાપ્તિના વિચારને અનુરૂપ કીર્તન :

અત્રે આપેલ કીર્તનોના શબ્દો પર પણ વિચાર કરી શકાય, જેનાથી પ્રાપ્તિનો આનંદ વિશેષ અનુભવાશે.

(૧)

આજ સખી આનંદની હેલી, હરિમુખ જોઈને હું થઈ છું રે ઘેલી;
મહા રે મુનિના ધ્યાનમાં ના'વે, તે રે શામળિયોજી મુજને બોલાવે. ૧

જે સુખને ભવ બ્રહ્મા રે ઈચ્છે, તે રે શામળિયોજી મુજને રે પ્રીછે;
ન ગઈ ગંગા ગોદાવરી કાશી, ઘેર બેઠાં મળ્યા અક્ષરવાસી. ૨

તપ રે તીરથમાં હું કાંઈ નવ જાણું, સહેજે સહેજે હું તો સુખડાં રે માણું;
જેરામ કહે સ્વામી સહેજે રે મળિયા, વાતની વાતે વા'લો અઢળક ઢળિયા. ૩

(૨)

માનો મળી છે મોટી વાત, હાથ આવી તે મા હારજો રે;
કરી જતન દિવસ રાત, સૂતાં બેઠાં સંભારજો રે....૧

સાચો મળ્યો છે સતસંગ, અંગે અચળ કરી રાખજો રે;
રખે ચડે બીજાનો રંગ, એવું ડહાપણ દૂર નાખજો રે....૨

લઈ બેઠા છો મોટો લાભ, ભેટી પૂરણ બ્રહ્મને રે;
નહિ તો દુઃખનો ઊગત ડાભ, માની લેજો એ મર્મને રે....૩

આજ પામ્યા છો આનંદ, વામ્યા દારુણ દુઃખને રે;
એમ કહે નિષ્કુળાનંદ, રખે મૂકતા એવા સુખને રે....૪

(૩)

ભાગ્ય જાગ્યાં રે આજ જાણવાં, કોટિ થયાં કલ્યાણ;
ઉધારો ન રહ્યો એહનો, પામ્યા પ્રભુ પ્રગટ પ્રમાણ....૦૧

અનાથપણાનું મે'ણું ઊતર્યું, સદા થયા સનાથ;
ડર ન રહ્યો બીજા દેવનો, ગ્રહ્યો હરિએ હાથ....૦૨

કંગાલપણું કે'વા ન રહ્યું, સદા મનાણું સુખ;
મસ્તી આવી રે અતિ અંગમાં, દૂર પલાણાં દુઃખ....૦૩

અણસમજણ અળગી થઈ, સમી સમજાણી વાત;
પાંપળાં સર્વે પરાં પળ્યાં, મળ્યા શ્રીહરિ સાક્ષાત....૦૪

કસર ન રહી કોઈ વાતની, પામ્યા પ્રભુ પ્રગટ પ્રસંગ;
ખોટ મટીને ખાટ્ય થઈ, રહી ગયો છે રંગ....૦૫

ભૂધર મળતાં ભલું થયું, ફેરો ફાવ્યો આ વાર;
સુખ તણી સીમા તે શી કહું, મને મોદ અપાર....૦૬

આજ આનંદ વધામણાં, હૈયે હરખ ન માય;
અમળતી વાત તે આવી મળી, શી કહું સુખની સીમાય....૦૭

આજ અમૃતની હેલી થઈ, રહી નહિ કાંઈ ખોટ;
એક કલ્યાણનું ક્યાં રહ્યું, થયાં કલ્યાણ કોટ....૦૮

રાંકપણું તો રહ્યું નહિ, કોઈ મા કહેશો કંગાલ;
નિરધનિયાં તો અમે નથી, મહા મળ્યો છે માલ....૦૯

કોણ જાણે આ કેમ થયું, આવ્યું અણચિંતવ્યું સુખ;
ઢાળો અલૌકિક ઢળી ગયો, મળ્યા હરિ મુખોમુખ....૦૧૦

ધન્ય ધન્ય અવસર આજનો, જેમાં મળિયા મહારાજ;
નિષ્કુળાનંદ ડંકો જીતનો, વાગી ગયો છે આજ....૦૧૧

❖ પ્રાપ્તિનો વિચાર ક્યારે કરવો ?

- દરરોજ સવારે પૂજા પહેલાં અવશ્ય આ વિચાર કરવો.
- જીવનમાં અશાંતિ થાય તેવા પ્રસંગો બને ત્યારે આ વિચાર શાંતિદાયક બની રહેશે.

❖ ❖ ❖

વિચાર

૨

રાજીપાનો વિચાર

❖ **ભગવાન અને સત્પુરુષના રાજીપાથી કેવી પ્રાપ્તિ થાય છે ?**

● આ અંગે જણાવતાં ભગવાન સ્વામિનારાયણ કહે છે, *'ભગવાન ને ભગવાનના ભક્ત રાજી થાય એવું કર્મ કરે તો આ ને આ દેહે પરમપદ પામ્યા જેવું સુખ ભોગવે. અને ભગવાન ને ભગવાનના સંતને કુરાજી કરે ને તેણે જો સ્વર્ગમાં ગયા જેવું કર્મ કર્યું હોય તોપણ તેનો નાશ થઈ જાય ને નરકમાં પડવું પડે; અને ભગવાન ને ભગવાનના સંત રાજી થાય એવું કર્મ કર્યું હોય ને તેને જો નરકમાં જવાનું પ્રારબ્ધ હોય તોપણ તે ભૂંડા કર્મનો નાશ થઈ જાય ને પરમપદને પામે.' (વચનામૃત ગઢડા મધ્ય ૪૫)*

● આથી જ તેઓ જણાવે છે કે, *'સર્વ શાસ્ત્રનું પણ એ જ સાર છે જે, ભગવાનનો જેમ રાજીપો હોય તેમ જ કરવું.' (વચનામૃત ગઢડા મધ્ય ૨૮)*

● **અગત્યની નોંધ :** ભગવાન અને સત્પુરુષનો રાજીપો શેમાં છે અને શેમાં નથી, તે જાણવા માટે શિક્ષાપત્રી, વચનામૃત, સ્વામીની વાતો તથા ભગવાન સ્વામિનારાયણ અને ગુરુપરંપરાનાં જીવનચરિત્રોનો અભ્યાસ અનિવાર્ય છે.

❖ ભગવાન અને સત્પુરુષનો રાજીપો હોય તેમ જ થઈ શકે તે માટે જીવનની દરેક ક્રિયા રાજીપાના વિચાર સાથે કરવી જરૂરી છે. રાજીપાનો વિચાર ખૂબ મોટી પ્રાપ્તિ કરાવી શકે તેમ છે. જેમ કે,

૧) જીવન બદલાઈ જાય :

ભગવાનને રાજી કરવાનો વિચાર હોય, તો ક્યારેય ભગવાનની આજ્ઞા કે ભગવાનના આપેલા ધર્મ લોપાય નહીં; જીવનશૈલી બદલાઈ જાય. આ અંગે

ભગવાન સ્વામિનારાયણ કહે છે, *“હું એ ધર્મને પાળીશ તો મારી ઉપર ભગવાન બહુ રાજી થશે ને જો મને કોઈ રીતે ધર્મમાંથી કાંઈક ભંગ પડશે તો ભગવાનનો મારી ઉપર બહુ કુરાજીપો થશે.' એવી રીતે જેના અંતરમાં દૃઢ ગ્રંથિ હોય તે ભક્ત જે તે ધર્મમાંથી કોઈ દિવસ પડે જ નહીં.”* (વચનામૃત ગઢડા અંત્ય ૨૬)

૨) કલ્યાણ થાય :

જીવનની દરેક ક્રિયા ભગવાનને રાજી કરવાના વિચાર સાથે કરવામાં આવે, તો તમામ ક્રિયા ભક્તિરૂપ થઈને મોક્ષની સાધના બની જાય છે. આ અંગે ભગવાન સ્વામિનારાયણ જણાવે છે, *‘જો ધર્મ, અર્થ ને કામ સંબંધી જે ફળની ઈચ્છા તેનો ત્યાગ કરીને તેનાં તે શુભ કર્મ જો ભગવાનની પ્રસન્નતાને અર્થે કરે તો એ જ શુભ કર્મ છે તે ભક્તિરૂપ થઈને કેવળ મોક્ષને અર્થે થાય છે.’* (વચનામૃત ગઢડા મધ્ય ૧૧)

❖ રાજીપાના વિચારના શબ્દો :

- **મારા જીવનનું એક જ લક્ષ્ય છે : ભગવાન સ્વામિનારાયણ અને પ્રગટ ગુરુહરિ મહંતસ્વામી મહારાજનો રાજીપો.**
- **મારા જીવનની પ્રત્યેક ક્રિયા સ્વામીશ્રીના રાજીપા માટે જ છે, તે માટે તેઓની મરજી મુજબ જ હું વર્તીશ.**
- **મારે તો કોઈપણ ભોગે, કોઈપણ સંજોગે સ્વામીશ્રીને અંતરથી રાજી કરવા જ છે, કરવા જ છે, કરવા જ છે.**

આ શબ્દોનું વારંવાર મનન કરવું જોઈએ.

❖ રાજીપાના વિચારને અનુરૂપ કીર્તન :

અત્રે આપેલ કીર્તનોના શબ્દો પર પણ વિચાર કરી શકાય, જેનાથી રાજીપાનો વિચાર વિશેષ દૃઢ થશે.

(૧)

કરીએ રાજી ઘનશ્યામ રે, સંતો કરીએ રાજી ઘનશ્યામ;
તો સરે સરવે કામ રે, સંતો કરીએ રાજી ઘનશ્યામ ....ટેક

મરજી જોઈ મહારાજના મનની, એમ રહીએ આઠું જામ;
જે ન ગમે જગદીશને જાણો, તેનું ન પૂછીએ નામ રે ....સંતો૦ ૧

તેમાં કષ્ટ આવે જો કાંઈક, સહીએ હૈયે કરી હામ;
અચળ અડગ રહીએ એક મને, તો પામીએ સુખ વિશ્રામ રે ....સંતો૦ ૨

જુઓ રીત આગેના જનની, પામ્યા વિપત્તિ વિરામ;
જનમ થકી માનો મૂઆ સુધી, ઠરી બેઠા નહિ ઠામ રે ....સંતો૦ ૩

એ તો દો'યલું સો'યલું છે આજ, તજિયે દોય દામ વામ;
નિષ્કુળાનંદ નિઃશંક થઈને, પામિયે હરિનું ધામ રે ....સંતો૦ ૪

(૨)

આપ રીઝો એમ રાજી, હું તો આપ રીઝો એમ રાજી,
આપ વચનમાં વહેતું જીવન માંડું ભવની બાજી,
હું તો આપ રીઝો એમ રાજી.... ૦ટેક

પ્રમુખસ્વામી તમ હાથે દોરી, કઠપૂતળી જાઉં નાચી,
અલટપલટ જે ચાહે કરજો, નહીં થાઉં ઉદાસી,
આપ જ દેખું, આંખો મેં તો આપ નજરમાં આંજી....હું તો ૧

આપ ઈશારે મનને મરડું, આપ કહો તે સાચી,
જે કંઈ હો તે આપ જ મારા, આપ શરણમાં રાચી,
નહીં દાદ ફરિયાદ નહીં ને નહીં કોઈ મારા કાજી....હું તો ૨

❖ રાજીપાનો વિચાર ક્યારે કરવો ?

- કોઈપણ ક્રિયા કરતાં પહેલાં વિચાર કરવો : મારી આ ક્રિયાથી મહારાજ-સ્વામી રાજી થશે ?
  ક્રિયા પૂર્ણ થયા પછી વિચાર કરવો : મારી આ ક્રિયાથી મહારાજ-સ્વામી રાજી થયા હશે ?

❖ ❖ ❖

વિચાર

3

ભગવાનના કર્તાપણાનો વિચાર

❖ **ભગવાન સર્વકર્તાહર્તા છે :**

- ભગવાનના કર્તાપણા અંગે ભગવાન સ્વામિનારાયણ જણાવે છે, *‘ભગવાનના ડોલાવ્યા વિના એક તૃણ પણ ડોલવાને સમર્થ નથી. અને અનંત કોટિ બ્રહ્માંડને વિષે જે ઉત્પત્તિ, સ્થિતિ, પ્રલય થાય છે અને તેને વિષે સુખ-દુ:ખનો જીવોને સંબંધ થાય છે, તે સર્વે પુરુષોત્તમ ભગવાનના હાથમાં છે. જેટલું ભગવાન કરે તેટલું જ થાય છે.’ (વચનામૃત ગઢડા પ્રથમ ૭૮)*
- ભગવાન સ્વામિનારાયણ પોતે જ સર્વકર્તાહર્તા છે, તે અંગે જણાવતાં તેઓ કહે છે, *‘સર્વે બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય તેનો કર્તા પણ હું જ છું. ને અનંત બ્રહ્માંડના અસંખ્ય શિવ, અસંખ્ય બ્રહ્મા, અસંખ્ય કૈલાસ, અસંખ્ય વૈકુંઠ અને ગોલોક, બ્રહ્મપુર અને અસંખ્ય કરોડ બીજી ભૂમિકાઓ એ સર્વે મારે તેજે કરીને તેજાયમાન છે. અને વળી હું કેવો છું ? તો મારા પગને અંગૂઠે કરીને પૃથ્વીને ડગાવું તો અસંખ્ય બ્રહ્માંડની પૃથ્વી ડગવા લાગે, ને મારે તેજે કરીને સૂર્ય, ચંદ્રમા, તારા આદિક સર્વ તેજાયમાન છે.’ (વચનામૃત અમદાવાદ ૭)*

❖ **ભગવાન સ્વામિનારાયણને સર્વકર્તાહર્તા સમજવાની આવશ્યકતા :**

૧) કલ્યાણ થાય :

ભગવાન સ્વામિનારાયણ વચનામૃતમાં જણાવે છે કે ભગવાનને સર્વકર્તાહર્તા જાણવાથી જ કલ્યાણ થાય છે, *‘ભગવાનને વિષે જ એક કર્તાપણું સમજવું એ જ કલ્યાણનું પરમ કારણ છે.’ (વચનામૃત કારિયાણી ૧૦)*

૨) જીવનમાં આવતા પ્રશ્નોમાં સ્થિરતા રહે :

જીવનમાં અનેક પ્રશ્નો આવતા રહે છે. આ પ્રશ્નોનું જ્યારે પ્રયત્નો કરવા છતાં સમાધાન ન થાય, ત્યારે મનમાં ઉદ્વેગ થાય છે. આવી પરિસ્થિતિમાં કેવો વિચાર રાખવો તે અંગે ભગવાન સ્વામિનારાયણ કહે છે, *"ભગવાન છે તે જ આ દેહના પ્રવર્તાવનારા છે. તે ગમે તો દેહને હાથીએ બેસારો ને ગમે તો બંદીખાનામાં નંખાવો અને ગમે તો આ દેહમાં કોઈક મોટો રોગ પ્રેરો, પણ કોઈ દિવસ ભગવાન આગળ એવી પ્રાર્થના કરવી નથી જે, 'હે મહારાજ ! આ મારું દુઃખ છે તેને ટાળો.' શા માટે જે, આપણે પોતાના દેહને ભગવાનના ગમતામાં વર્તાવવો છે; તે જેમ એ ભગવાનનું ગમતું હોય તેમ જ આપણે ગમે છે, પણ ભગવાનના ગમતા થકી પોતાનું ગમતું લેશમાત્ર પણ નોખું રાખવું નથી. અને આપણે જ્યારે તન-મન-ધન ભગવાનને અર્પણ કર્યું ત્યારે હવે ભગવાનની ઈચ્છા તે જ આપણું પ્રારબ્ધ છે, તે વિના બીજું કોઈ પ્રારબ્ધ નથી. માટે ભગવાનની ઈચ્છાએ કરીને ગમે તેવું સુખ-દુઃખ આવે, તેમાં કોઈ રીતે અકળાઈ જવું નહીં ને જેમ ભગવાન રાજી તેમ જ આપણે રાજી રહેવું."* (વચનામૃત ગઢડા અંત્ય ૧૩)

આ અંગે અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી જણાવે છે, *'અંતરમાં ટાઢું રહ્યા કરે ને ધગી ન જાય તેના બે ઉપાય છે : એક તો ભગવાનનું ભજન કરવું ને બીજું ભગવાનને સર્વકર્તા સમજવા, ને તેમાં સુખ આવે તો સુખ ભોગવી લેવું ને દુઃખ આવે તો દુઃખ ભોગવી લેવું. તે કહ્યું છે જે, દાસના દુશ્મન હરિ કે'દી હોય નહીં, જેમ કરશે તેમ સુખ જ થાશે.' (સ્વામીની વાતો ૧/૧૪૮)* આપણા જીવનમાં જે કાંઈ પ્રસંગો બને છે તે ભગવાનની ઈચ્છાથી જ બને છે, અને તે આપણા સારા માટે જ હોય છે, તેમ સમજવાથી અખંડ શાંતિ રહે છે.

- જીવનમાં બનતા અનિચ્છનીય પ્રસંગો વખતે ભગવાનને સર્વકર્તાહર્તા સમજવાથી મનમાં કોઈ વિકારો ઊઠતા નથી. આ અંગે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ જણાવે છે, *'કોઈપણ પ્રશ્ન આવે તો સીધી જ વાત છે કે મહારાજ કર્તા છે, એમની મરજીથી જ થાય છે. કોઈ કોઈનું સુધારતુંય નથી, કોઈ કોઈનું બગાડતુંય નથી. કર્તા ભગવાન છે. તે જે કંઈ કરે છે અને કરાવે છે તે આપણા સારા માટે જ છે. ભગવાનને કર્તા માનો તો શાંતિ, શાંતિ અને શાંતિ. દરેકમાં રહીને ભગવાન કર્તા છે એમ માનીએ તો ક્લેશ ન થાય, સંપ રહે, અહં ન આવે, માન-ઈર્ષ્યા માર્યાં*

ફરે, એ અડે જ *નહીં.'* અન્ય વ્યક્તિ તરફથી પ્રશ્ન આવે ત્યારે પણ ભગવાનને જ કર્તાહર્તા માનવાથી તે વ્યક્તિ માટે દ્વેષ થશે નહીં, માન-ઈર્ષ્યા આવશે નહીં, પરસ્પર સંપ રહેશે.

❖ **ભગવાનના કર્તાપણાના વિચારના શબ્દો :**

- **ભગવાન સ્વામિનારાયણ સર્વ-કર્તા-હર્તા છે. આ દુનિયામાં તેમની મરજી વિના કોઈનાથી સૂકું પાંદડું પણ હલી શકે તેમ નથી.**
- **હું જે કાંઈ કરું છું તે તેમની આપેલી શક્તિથી જ કરું છું.**
- **તેઓ જે કાંઈ કરે છે કે બીજા દ્વારા કરાવે છે, તે મારા ભલા માટે જ છે.**
- **તેમની આજ્ઞા પ્રમાણે દૃઢપણે રહેનારની તેઓ હંમેશાં રક્ષા કરે છે.**

આ શબ્દોનું મનન કરવાથી સફળતામાં ફુલાઈ નહીં જવાય, નિષ્ફળતામાં કરમાઈ નહીં જવાય; તથા ભગવાનની આજ્ઞામાં હંમેશાં રહેવાશે.

❖ **ભગવાનના કર્તાપણાના વિચારને અનુરૂપ કીર્તન :**

અત્રે આપેલ કીર્તનના શબ્દો પર પણ વિચાર કરી શકાય, જેનાથી ભગવાનના કર્તાપણાનો વિચાર વિશેષ દૃઢ થશે.

(૧)

સમરથ શું ન કરે રે, પ્રભુ પલમાં ચાહે સો કરે.... ૦ટેક

મહેલ ઠેકાણે ધૂળના ઢગલા, જંગલમાં વસાવે બંગલા,
જલ થલ પલટ કરે રે....પ્રભુ૦૧

છત્રપતિને ભિક્ષા મંગાવે, રંકને વા'લો રાય બનાવે,
ધાર્યું કરે ને કરાવે રે....પ્રભુ૦૨

મુખમાં જશોદાને બ્રહ્માંડ બતાવ્યું, નરસિંહ રૂપ વા'લે નવું નીપજાવ્યું,
નાથ્યો નાગ જમુના તીરે રે....પ્રભુ૦૩

ગિરિવર કર ગોવર્ધન ધાર્યો, વા'લે વ્રજનો દેશ ઊગાર્યો,
તાર્યો પથ્થર તરે રે....પ્રભુ૦૪

પાંડવ નારીને નવસેં નવ્વાણું, ચીર પૂર્યાં ચૂક્યા નહીં ટાણું,
સત્યની સહાયતા કરે રે....પ્રભુ૦૫
પલમાં હસાવે પલમાં રડાવે, અકળ કળા કાંઈ કળ્યામાં ના'વે,
દુર્લભ હરિ સમરે રે....પ્રભુ૦૬

❖ **ભગવાનના કર્તાપણાનો વિચાર ક્યારે કરવો ?**

- કોઈપણ અનિચ્છનીય પ્રશ્ન આવે ત્યારે વિચારવું કે જે કાંઈ બને છે તે ભગવાનની ઈચ્છાથી જ આપણા સારા માટે જ બને છે.
  કોઈપણ ઈચ્છનીય સફળતા પ્રાપ્ત થાય ત્યારે વિચારવું કે ભગવાનની આપેલી શક્તિથી જ આ બન્યું છે, સર્વકર્તાહર્તા ભગવાન જ છે. માન રાખવા જેવું નથી.

❖ ❖ ❖

વિચાર

૪

આત્મવિચાર

❖ આત્મવિચાર અંગે ભગવાન સ્વામિનારાયણનો આગ્રહ :

● પોતાના સ્વરૂપને આત્મા માનવા અંગે ભગવાન સ્વામિનારાયણ કહે છે, *“આ દેહમાં રહેનારો જે જીવ છે તે રૂપને જુએ છે અને કુરૂપને જુએ છે તથા બાળ, યૌવન અને વૃદ્ધપણાને જુએ છે, એવા અનંત પદાર્થને જુએ છે, પણ જોનારો પોતે પોતાને જોતો નથી અને કેવળ બાહ્યદૃષ્ટિએ કરીને પદાર્થને જોયા કરે છે પણ પોતે પોતાને નથી જોતો તે જ અજ્ઞાનીમાં અતિશય અજ્ઞાની છે. અને જેમ નેત્રે કરીને અનંત પ્રકારના રૂપના સ્વાદને લે છે, તેમ જ શ્રોત્ર, ત્વક, રસના, ઘ્રાણ ઈત્યાદિક સર્વ ઈન્દ્રિયોએ કરીને વિષયસુખને ભોગવે છે ને જાણે છે, પણ પોતે પોતાના સુખને ભોગવતો નથી ને પોતે પોતાના રૂપને જાણતો નથી, એ જ સર્વ અજ્ઞાનીમાં અતિશય અજ્ઞાની છે અને એ જ ઘેલામાં અતિશય ઘેલો છે અને એ જ મૂર્ખમાં અતિશય મૂર્ખ છે અને એ જ સર્વ નીચમાં અતિશય નીચ છે.” (વચનામૃત ગઢડા પ્રથમ ૨૦)*

ઉપરોક્ત વચનોમાંથી ફલિત થાય છે કે,

ક) ‘આ દેહમાં રહેનારો જે જીવ...’ - જીવાત્મા દેહમાં રહે છે, એટલે કે જીવાત્મા દેહથી જુદો જ છે, એટલે કે આપણે દેહથી જુદા જ છીએ.

ખ) ‘જીવ છે તે રૂપને જુએ છે અને કુરૂપને જુએ છે... પણ પોતે પોતાને નથી જોતો...’ - બાહ્યદૃષ્ટિએ દુનિયાનું બીજું બધું જોવા તથા જાણવાને બદલે અંતર્દૃષ્ટિ કરીને જીવાત્માએ એટલે કે આપણે આપણા આત્મસ્વરૂપને જોવાનું અને જાણવાનું છે.

ગ) ‘સર્વ ઇન્દ્રિયોએ કરીને વિષયસુખને ભોગવે છે ને જાણે છે, પણ પોતે પોતાના સુખને ભોગવતો નથી...’ - જીવાત્મામાં અપાર સુખ રહેલું છે, આત્મસ્વરૂપને ઓળખીને તે સુખ ભોગવવાનું છે.

ઘ) ‘એ જ સર્વ અજ્ઞાનીમાં અતિશય અજ્ઞાની છે અને એ જ ઘેલામાં અતિશય ઘેલો છે અને એ જ મૂર્ખમાં અતિશય મૂર્ખ છે અને એ જ સર્વ નીચમાં અતિશય નીચ છે...’ - જો આ મુજબ પોતાના આત્મસ્વરૂપને ન ઓળખીએ કે તેનો અનુભવ ન કરીએ, તો ભગવાન સ્વામિનારાયણ આપણને ઉપરોક્ત ચાર ઉપમા આપે છે.

❖ **આપણે દેહથી જુદા આત્મા છીએ, તે કેવી રીતે સમજાય ?**

● આપણને હંમેશાં દેહ અને તેની સંવેદનાઓનો જ અનુભવ થતો રહે છે. વળી, અનાદિથી જીવ સાથે વળગેલ કારણશરીરરૂપ માયાના આવરણને લીધે જીવાત્માનો અનુભવ થતો નથી. આથી આપણે દેહથી જુદા આત્મા છીએ, એ હકીકત સમજી શકાતી નથી. પરિણામે દેહ જ આપણું સ્વરૂપ છે, તેવું લાગે છે. આવા સંજોગોમાં આપણે દેહથી જુદા આત્મા છીએ તે કેવી રીતે મનાય તે અંગે ભગવાન સ્વામિનારાયણે વચનામૃતમાં કેટલાક ઉપાય સમજાવ્યા છે :

૧) ભગવાનનો પ્રતાપ વિચારવો :

ભગવાન સ્વામિનારાયણ જણાવે છે, ‘જે ભગવાનના પ્રતાપને વિચારીને અંતર્દષ્ટિ કરે છે, તે તો પોતાના સ્વરૂપને અતિશય ઉજ્જવલ પ્રકાશમાન જુએ છે અને તે પ્રકાશને મધ્યે પ્રત્યક્ષ એવા જે પુરુષોત્તમ ભગવાન તેની મૂર્તિને જુએ છે અને નારદ-સનકાદિક જેવો સુખિયો પણ થાય છે.’ (વચનામૃત ગઢડા પ્રથમ ૨૦)

ભગવાનનો પ્રતાપ વિચારવો એટલે ભગવાનના સામર્થ્યનો વિચાર કરવો. ‘ભગવાન સ્વામિનારાયણ મને પ્રત્યક્ષ મળ્યા છે. તેમના બળે અને તેમની કૃપાથી હું આત્માનો અનુભવ જરૂર કરી શકીશ.’ આવો વિચાર કરવો જોઈએ, કારણ કે પોતાના બળે આત્મદર્શન શક્ય જ નથી.

૨) ભગવાન અને સત્પુરુષમાં વિશ્વાસ રાખવો :

ભગવાન સ્વામિનારાયણ જણાવે છે, *“ભગવાન અને સંત તે જે જે વચન કહે તેને પરમ સત્ય કરીને માને, પણ તે વચનને વિષે સંશય કરે નહીં. અને સંત કહે જે, ‘તું દેહ, ઇન્દ્રિય, મન, પ્રાણથી જુદો છું અને સત્ય છું અને એનો જાણનારો છું, અને એ દેહાદિક સર્વે અસત્ય છે,’ એમ વચન કહે તેને સત્ય માનીને તે સર્વથી*

જુદો આત્મારૂપે વર્તે પણ મનના ઘાટ ભેળો ભળી જાય નહીં.'' (વચનામૃત ગઢડા પ્રથમ ૧૬) આમ, ભગવાન અને સત્પુરુષના વચનમાં વિશ્વાસ રાખીને જ માનવાનું છે કે આપણે દેહ, મન વગેરેથી જુદા આત્મા છીએ.

૩) દેહ અને જીવાત્માનાં લક્ષણોની ભિન્નતા સમજવી :

દેહ અને જીવાત્માનાં લક્ષણો તદ્દન ભિન્ન છે, તે જણાવતાં ભગવાન સ્વામિનારાયણ કહે છે, *''આત્મનિષ્ઠા તો એવી રીતની જોઈએ જે, 'હું ચૈતન્ય છું ને દેહ જડ છે, અને હું શુદ્ધ છું ને દેહ નરકરૂપ છે, અને હું અવિનાશી છું ને દેહ નાશવંત છે, અને હું આનંદરૂપ છું ને દેહ દુઃખરૂપ છે.'' (વચનામૃત સારંગપુર ૧)*

વળી, તેઓ જણાવે છે, *'પોતાને દેહથી પૃથક્ આત્મા જાણવો. અને તે આત્મા છે તે બ્રાહ્મણ નથી, ક્ષત્રિય નથી, કણબી નથી, કોઈનો દીકરો નથી, કોઈનો બાપ નથી, એની કોઈ જાત નથી, નાત નથી, એવો છે. અને એ આત્મા તો સૂર્ય તથા અગ્નિ જેવો તેજસ્વી છે ને જાણપણે યુક્ત છે.' (વચનામૃત ગઢડા અંત્ય ૩૯)*

આ બે સંદર્ભ તથા વચનામૃતના બીજા અનેક સંદર્ભોના સારરૂપે દેહ અને જીવાત્માની નીચે મુજબ ભિન્નતા સમજી શકાય :

દેહ	જીવાત્મા
જન્મ-મરણયુક્ત	જન્મ-મરણરહિત, અનાદિ
નાશવંત	અવિનાશી
સાધન	ચાલક
જડ	ચૈતન્ય
વિકારી	અવિકારી
નરકરૂપ	શુદ્ધ
દુઃખરૂપ	સુખરૂપ

દેહ અને જીવાત્માની આવી ભિન્નતાનો વિચાર કરવાથી ધીરે ધીરે દૃઢતા થાય છે.

૪) અક્ષરબ્રહ્મ સત્પુરુષ સાથે એકતા કરવી :

અક્ષરબ્રહ્મ સત્પુરુષ અનાદિથી માયા પર છે. તેઓ સદૈવ દેહભાવથી રહિત આત્મારૂપે જ વર્તે છે. સત્પુરુષને જ પોતાનું સ્વરૂપ માનવાથી આપણામાં આત્મનિષ્ઠા દૃઢ થાય છે. આ અંગે ભગવાન સ્વામિનારાયણ જણાવે છે, *'આત્માનો એમ નિશ્ચય કરવો જે, પ્રગટ ભગવાન જેને મળ્યા હોય એવા જે સંત તેને વિષે આત્મબુદ્ધિ રાખવી ને તેને જ પોતાનું સ્વરૂપ માનવું.' (વચનામૃત જેતલપુર ૧)*

સત્પુરુષને પોતાનું સ્વરૂપ માનવા એટલે શું ? આ પ્રશ્નના ઉત્તરમાં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ જણાવે છે, *'સત્પુરુષ જેમ સમજે છે તેમ સમજવું, તેઓ જેમ વર્તે છે તેમ વર્તવું, તેઓ જે રીતે પુરુષોત્તમ ભગવાનની ભક્તિમાં પોતાનો દેહ સમર્પિત કરી દે છે તેમ સમર્પિત થઈ જવું.'* ટૂંકમાં, અક્ષરબ્રહ્મ સત્પુરુષનું અનુકરણ કરવાથી તેમના જેવી સ્થિતિ ધીરે ધીરે દૃઢ થાય છે.

૫) પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાનનું અખંડ સાંનિધ્ય સમજવું :

પુરુષોત્તમ ભગવાન અંતર્યામીરૂપે આપણે વિષે અખંડ બિરાજમાન છે, એમ સમજવા અંગે ભગવાન સ્વામિનારાયણ જણાવે છે, *''(ભક્ત એમ સમજે કે) 'મારા ચૈતન્યને વિષે ભગવાન સદાય વિરાજમાન છે. તે જેમ દેહમાં જીવ હોય તેમ મારા જીવને વિષે ભગવાન રહ્યા છે, અને મારો જીવ છે તે તો શરીર છે અને ભગવાન તો મારા જીવના શરીરી છે.' અને પોતાના જીવાત્માને સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એ ત્રણ શરીર થકી પૃથક્ માને અને તેને વિષે અખંડ ભગવાન વિરાજમાન છે એમ જે સમજે, તો તે સંત (ભક્ત) થકી ભગવાન અથવા ભગવાનનાં ધામ તે અણુમાત્ર છેટે નથી.'' (વચનામૃત સારંગપુર ૧૦)*

૬) પોતાને વિષે વિરાજમાન પરમાત્માનો મહિમા વિચારવો :

'મારે વિષે વિરાજમાન પરમાત્મા સર્વોપરી, સર્વકર્તાહર્તા, સદા દિવ્ય સાકાર, પ્રગટ અને સર્વ સુખના સાગર છે. તેઓ મારાથી અણુમાત્ર દૂર નથી.' આ મુજબ મહિમા વિચારવો જોઈએ. (વચનામૃત સારંગપુર ૧)

❖ **આત્મવિચારની દૃઢતા એટલે કે આત્મનિષ્ઠાના લાભ :**

ભગવાન સ્વામિનારાયણે વચનામૃતમાં આત્મનિષ્ઠાના અનેક લાભ વર્ણવ્યા છે, જે આ મુજબ છે :

- ✦ ટાઢ, તડકો, ભૂખ, તરસ, માન, અપમાન, સુખ, દુઃખરૂપી નદીને તરી જવાય. (વચનામૃત ગઢડા પ્રથમ ૬૧)
- ✦ પંચવિષયની વાસના ટળે. (વચનામૃત ગઢડા પ્રથમ ૬૦, સારંગપુર ૧, ગઢડા મધ્ય ૧)
- ✦ ગુણમાત્ર આવે. (વચનામૃત લોયા ૬)
- ✦ પરબ્રહ્મની પરાભક્તિની યોગ્યતા આવે. (વચનામૃત લોયા ૭)
- ✦ પરમપદ કહેતાં આત્યંતિક કલ્યાણ થાય. (વચનામૃત ગઢડા મધ્ય ૩)

❖ આત્મવિચારના શબ્દો :

- **આ શરીર મારું સ્વરૂપ નથી.**
- **હું શરીરથી જુદો એવો આત્મા છું, અક્ષર છું, બ્રહ્મ છું, અવિનાશી છું, અવિકારી છું, શુદ્ધ છું.**
- **મહંતસ્વામી મહારાજ મારું સાચું સ્વરૂપ છે.**
- **મારે વિષે પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન સ્વામિનારાયણ અખંડ વિરાજમાન છે. તેઓ સર્વોપરી, સર્વકર્તા, સદા દિવ્ય સાકાર, પ્રગટ અને સર્વ સુખના સાગર છે.**
- **'અક્ષરમ્ અહં પુરુષોત્તમ-દાસોસ્મિ' - અક્ષર એવો હું પુરુષોત્તમનો દાસ છું.**

આ શબ્દોનું મનન કરવાથી આત્મનિષ્ઠાની દૃઢતા થાય છે.

❖ આત્મવિચારને અનુરૂપ કીર્તન :

અત્રે આપેલ કીર્તનના શબ્દો પર પણ વિચાર કરી શકાય, જેનાથી આત્મવિચાર વિશેષ દૃઢ થશે.

(૧)

મૈં હું આદિ અનાદિ, આ તો સર્વે ઉપાધિ;
સદ્‌ગુરુ મિલિયા અનાદિ, મિટ ગઈ સર્વે ઉપાધિ..ટેક૦
કહાં કાષ્ઠ ને કહાં કુહાડા, કહાં હૈ ઘડનનહારા;
જબતે મોયે સદ્‌ગુરુ મિલિયા, મિટ ગયા સર્વે ચારા....મૈં હું૦ ૧
કોણ કુળ ને કોણ કુટુંબી, કોણ માત ને તાત;
કોણ ભાઈ ને કોણ ભગિની, બ્રહ્મ હમારી જાત....મૈં હું૦ ૨
નહીં રહ્યા મૈં નહીં ગયા મૈં, નહીં સુધર્યા નહીં બીગડા;

હમે હમારા કુલ સંભાર્યા, મત કરના કોઉ ઝગડા....મૈં હું૦ ૩
પાનીમેંસે પુરુષ બનાયા, મળમૂત્ર કી ક્યારી;
મિલ્યા રામ ને સર્યાં કામ, અબ ના રહી કોઉસેં યારી....મૈં હું૦ ૪
આગે તપસી તપસા કરતા, રહી ગઈ કિંચિત કામા;
તે કારણ આ નરતન ધરિયો, સો જાનત હૈ રામા....મૈં હું૦ ૫
જે કારન આ નરતન ધરિયો, તે સરિયું છે કામ;
નિષ્કુળાનંદ કહે પ્રગટ મળ્યા મોહે, ટળ્યું નામ ને ઠામ....મૈં હું૦ ૬

(૨)

જ્યારે મનાય આતમા આપ, ત્યારે જાય સર્વે સંતાપ;
આત્મરૂપ મનાય આપણું, ત્યારે નર પામે નિસ્નેહીપણું.
આતમાને કોણ માત તાત, આતમાને કોણ નાત્ય જાત;
કુળ કુટુંબ જે પરિવાર, આતમાને નહીં સુત નાર્ય.
આતમાને નહીં આપ પર, શત્રુ મિત્ર ને નહીં અવર;
આતમાને નહીં ધરા ધામ, આતમાને નહીં દેશ ગામ.
આતમાને નહીં ધન માલ, અશન વસન ભૂષણ રસાલ;
માટે આતમા આપે મનાય, ત્યારે સર્વેથી નિઃસ્નેહ થાય.

(ભક્તચિંતામણિ : ૧૦૯)

❖ આત્મવિચાર ક્યારે કરવો ?

- દરરોજ સવારે પૂજા પહેલાં આત્મવિચાર અવશ્ય કરવો.

❖ ❖ ❖

વિચાર

૫

સાંખ્યવિચાર

❖ **સાંખ્યવિચાર એટલે શું ?**

સાંખ્યવિચારમાં મુખ્યત્વે ત્રણ બાબતો આવે છે :

૧) નાશવંતપણાનો વિચાર : આ દેહ, દેહનાં સગાં-સંબંધી, દેહના સંબંધમાં આવતા પદાર્થો તથા આ સમગ્ર જગત નાશવંત છે. આ અંગે ભગવાન સ્વામિનારાયણ કહે છે, *'ભગવાનનું જે અક્ષરધામ ને તે ધામને વિષે રહી એવી જે ભગવાનની મૂર્તિ ને તે ધામને વિષે રહ્યા એવા જે ભગવાનના ભક્ત તે વિના જે જે લોક છે ને તે લોકને વિષે રહ્યા એવા જે દેવ છે ને તે દેવના જે વૈભવ છે તે સર્વે નાશવંત છે.' (વચનામૃત ગઢડા મધ્ય ૨૪)*

વળી તેઓ કહે છે, *'માયાના કાર્યમાંથી ઉત્પન્ન થયા જે આકારમાત્ર તે સર્વે મિથ્યા છે. કેમ જે, એ સર્વે આકાર કાળે કરીને નાશ પામે છે.' (વચનામૃત ગઢડા અંત્ય ૩૮)*

આમ, અનંતકોટિ બ્રહ્માંડમાં જે કાંઈ છે તે બધું જ સમયે સમયે નાશ પામતું જ રહે છે, કંઈ જ કાયમી નથી. આ વિચારને સાંખ્ય કહે છે.

૨) દુઃખરૂપપણાનો વિચાર : માયામાંથી ઉત્પન્ન થયેલ જે કાંઈ છે તે તમામમાં ક્યાંય સાચું સુખ નથી, બધું જ દુઃખરૂપ છે; સુખ જેવું જણાય છે તે કેવળ આભાસમાત્ર છે. આ અંગે ભગવાન સ્વામિનારાયણ કહે છે, *'માયિક વિષયમાં ભિન્નભિન્નપણે સુખ રહ્યું છે અને તે સુખ તો તુચ્છ છે ને નાશવંત ને અંતે અપાર દુઃખનું કારણ છે.' (વચનામૃત ગઢડા અંત્ય ૨૭)*

'જેટલું કાંઈ માયામય સુખ છે તે સર્વે દુઃખ વિનાનું હોય નહીં, એ વાત પણ એક જાણી રાખવી.' (સ્વામીની વાત ૧/૨૫)

આમ, અનંતકોટિ બ્રહ્માંડમાં જે કાંઈ છે તે બધું જ દુઃખદાયી છે, આ વિચારને સાંખ્ય કહે છે.

૩) દેહાદિકની અસારતાનો વિચાર :

આ દેહ નરકરૂપ છે. (વચનામૃત સારંગપુર ૧)

'આ દેહમાં તો હાડકાં, પરુ, પાચ, લાળ ને લીંટ ભર્યાં છે ને નવદ્વારે નરક ઝરે છે ને કેવળ નર્કની કોથળી છે ને ઉપર ચર્મ મઢ્યું છે; ને ક્ષણભંગુર કહ્યો છે. માટે કાંઈ જ માલ નથી. તેમાંથી હેત તોડીને આત્મામાં કરવું.' (સ્વામીની વાત ૬/૫૧)

પોતાના તથા અન્યના દેહના સ્વરૂપ અંગેના આવા વિચારને સાંખ્ય કહે છે.

❖ **સાંખ્યવિચારથી લાભ :**

સાંખ્યવિચાર દૃઢ થાય, તો નીચે મુજબ લાભ અનુભવાય છે :

૧) કોઈપણ વ્યક્તિ કે પદાર્થ ગુમાવવાથી દુઃખ ન થાય : આ અંગે અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી કહે છે, *'સર્વ ક્રિયા કરવામાં નાશવંતપણાનું અનુસંધાન રાખવું તો દુઃખ ન થાય.' (સ્વામીની વાત ૨/૨૪)*

આ સંસારમાં શરીર અને શરીરને ભોગવવાના પદાર્થમાત્ર નાશવંત જ છે, એમ મનાય તો કોઈપણ વ્યક્તિ કે પદાર્થ ગુમાવવાથી દુઃખ ન થાય.

૨) સંસારનું બંધન ન થાય : આ અંગે અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી કહે છે, *'સંસારમાં સુખ જેવું જણાય છે પણ તેમાં તો દુઃખ છે. જેમ શેરડીના સાંઠામાં ઈયળ પડે તે સુખ માને છે, પણ ચિચોડામાં ભૂકા નીસરશે. ને કાગડાને શ્રાદ્ધના સોળ દિવસનું સુખ ને પછી બંધૂકની ગોળિયું ખાવાની છે તેમ.' (સ્વામીની વાત ૨/૪૭)*

વળી, તેઓ કહે છે, *'સાંખ્યવાળાને તો આ લોક સર્વે નર્ક જેવું લાગે છે, પણ ક્યાંઈ માલ મનાય નહીં.' (સ્વામીની વાત ૧/૧૨૭)*

આમ, આ સંસારમાં શરીર અને શરીરને ભોગવવાના પદાર્થમાત્ર દુઃખરૂપ જ છે, એમ મનાય તો ક્યાંય બંધન ન થાય, અને કોઈપણ પદાર્થ ન મળે તો અસંતોષ ન થાય.

❖ સાંખ્યવિચારના શબ્દો :

- **આ દેહ, દેહના સંબંધમાં આવતા પદાર્થો તથા આ સમગ્ર જગત નાશવંત છે. આનાથી પહેલાં કાંઈ નહોતું અને પછી પણ કાંઈ રહેવાનું નથી.**
- **માયામાંથી ઉત્પન્ન થયેલ જે કાંઈ છે તેમાં ક્યાંય સાચું સુખ નથી.**
- **સંસારમાં મોહ જ દુઃખરૂપ છે.**

આ શબ્દોનું મનન કરવાથી સાંખ્યવિચારની દૃઢતા થાય છે.

❖ સાંખ્યવિચારને અનુરૂપ કીર્તન :

અત્રે આપેલ કીર્તનના શબ્દો પર પણ વિચાર કરી શકાય, જેનાથી સાંખ્યવિચાર વિશેષ દૃઢ થશે.

(૧)

જનમ્યા ત્યાંથી જરૂર જાણો, મરવાનું છે માથે જી;
આવ્યા ત્યારે શું લાવ્યા ને, શું લઈ જાવું સાથે જી....૧

સવાર થાય ને સાંજ પડે છે, દિન ઉપર દિન જાયે જી;
આજ કાલ કરતાં આવરદા, જો ને ઓછી થાયે જી....૨

એક જન્મે ને એક મરે છે, સ્થિર નથી કોઈ ઠરવા જી;
મરી ગયા તે જન્મ ધરે ને, જન્મ ધરે તે મરવા જી....૩

સંસાર સઘળો કાળ ચવાણું, કર્મવશ નરનારી જી;
દાસ નારાયણ કહે છે ભાઈઓ, કર્મ કરો વિચારી જી....૪

(૨)

કર પ્રભુ સંગાથે દૃઢ પ્રીતડી રે, મરી જાવું મેલીને ધનમાલ;
અંતકાળે સગું નહિ કોઈનું રે....ટેક૦
સંસ્કારે સંબંધી સર્વે મળ્યાં રે, એ છે જૂઠી માયા કેરી જાલ....અંત૦૧
મારું મારું કરીને ધન મેળવ્યું રે, તેમાં તારું નથી તલભાર....અંત૦૨
સુખ સ્વપ્ના જેવું છે સંસારનું રે, તેને જાતાં ન લાગે વાર....અંત૦૩
માટે સેવે તું સાચા સંતને રે, તારા ટળશે ત્રિવિધના તાપ....અંત૦૪
અતિ મોટાપુરુષને આશરે રે, બળે પૂર્વ જનમનાં પાપ....અંત૦૫
એવું સમજીને ભજ ભગવાનને રે, સુખકારી સદા ઘનશ્યામ....અંત૦૬
દેવાનંદનો વહાલો દુઃખ કાપશે રે, મનવાંછિત પૂરણ કામ....અંત૦૭

❖ સાંખ્યવિચાર ક્યારે કરવો ?

- દરરોજ સવારે પૂજા પહેલાં સાંખ્યવિચાર અવશ્ય કરવો.

❖ ❖ ❖

વિચાર

૬

મહિમાનો વિચાર
(ગુણગ્રહણ અને સંબંધનો મહિમા)

❖ **ગુણગ્રહણ :**

ભગવાન સ્વામિનારાયણે વચનામૃતમાં અનેક સ્થળે સત્સંગમાં આવતા સંતો-ભક્તોના સદ્‌ગુણોનો જ વિચાર કરવાનો આદેશ આપ્યો છે, અને કોઈના પણ અવગુણ જોવાની દૃષ્ટિ છોડી દેવા ભારપૂર્વક જણાવ્યું છે.

તેઓ કહે છે, *'જે ભગવાનના ભક્તને સત્-અસતનો વિવેક હોય તે તો જે જે અવગુણ પોતામાં હોય તેને જાણે અને વિચારીને તેનો ત્યાગ કરી દે. અને સંતમાં અથવા કોઈ સત્સંગીમાં કાંઈક અવગુણ પોતાને ભાસતો હોય તો તેને ત્યાગ કરી દે અને તેના જે ગુણ તેનું જ ગ્રહણ કરે.' (વચનામૃત ગઢડા પ્રથમ ૧૬)*

આમ, જે બીજાના સદ્‌ગુણો તરફ જ દૃષ્ટિ રાખે છે, તેને તેઓ વિવેકી કહે છે.

❖ **સંબંધનો મહિમા :**

ભગવાન સ્વામિનારાયણે એવું પણ કહ્યું છે કે, કદાચ કોઈ ભક્તમાં બીજો કોઈ સદ્‌ગુણ ન દેખાય, પણ જો તે ભક્ત આ સત્સંગમાં છે, અને તેને જો અક્ષરપુરુષોત્તમનો સંબંધ છે, તો તે જ તેનો મોટો સદ્‌ગુણ છે; કેમ કે તેને આ ભગવાન અને સત્પુરુષનો નિશ્ચય તો જરૂર છે જ.

તેઓ કહે છે, *''જ્યારે કોઈ હરિભક્તનો દોષ નજરમાં આવે ત્યારે એમ સમજવું જે, 'આનો સ્વભાવ તો સત્સંગમાં ન ઘટે એવો છે તોય પણ એને જો સત્સંગ મળ્યો છે અને એ જો જેવો-તેવો છે તોય પણ સત્સંગમાં પડ્યો છે, તો એનો પૂર્વજન્મનો અથવા આ જન્મનો સંસ્કાર ભારે છે તો આવો સત્સંગ મળ્યો છે,' એમ સમજીને તેનો પણ અતિશય ગુણ લેવો.'' (વચનામૃત ગઢડા પ્રથમ ૨૪)*

વળી, તેઓ કહે છે, *'ભગવાનના ભક્ત છે તે તો કેવળ બ્રહ્મની જ મૂર્તિઓ છે, એને વિષે તો મનુષ્યભાવ લાવવો જ નહીં.' (વચનામૃત ગઢડા મધ્ય ૬૩)*

❖ **સંતો-ભક્તોનો મહિમા સમજવાથી લાભ :**

સંતો-ભક્તોનો મહિમા સમજવાથી અનેક લાભ થાય છે :

૧) ભક્તોના દ્રોહરૂપ મહાપાપથી બચી જવાય : ભગવાન સ્વામિનારાયણે ભક્તોના દ્રોહને ખૂબ મોટું પાપ ગણાવ્યું છે. તેઓ જણાવે છે, *'પંચ મહાપાપ થકી પણ ભગવાન ને ભગવાનના ભક્તનો અવગુણ લેવો એ મોટું પાપ છે.' (વચનામૃત ગઢડા મધ્ય ૪૬)*

જો ભક્તનો મહિમા વિચારતા રહીએ, તો અવગુણ અને દ્રોહના મહાપાપથી બચી જવાય.

૨) અખંડ આનંદ રહે : ભગવાનના ભક્તોનો મહિમા વિચારવાથી અંતર આનંદથી ભર્યું ભર્યું રહે છે, આ હકીકત જણાવતાં ભગવાન સ્વામિનારાયણ કહે છે, *'સત્સંગમાં જેને વધારો થયાનો હોય તેને શુભ વાસના વૃદ્ધિ પામે છે ત્યારે તેને દિવસે દિવસે સત્સંગીમાત્રનો હૈયામાં ગુણ જ આવે અને સર્વ હરિભક્તને મોટા સમજે ને પોતાને ન્યૂન સમજે ને આઠે પહોર તેના હૈયામાં સત્સંગનો આનંદ વર્ત્યા કરે.' (વચનામૃત ગઢડા પ્રથમ ૨૮)*

વળી તેઓ કહે છે, 'ભગવાનને ભજતા સર્વે હરિજનો દિવ્ય છે, આ મર્મની વાત જે કોઈ સમજે, ધારે ને વિચારે છે, તે મગ્ન થઈ જાય છે; અને જગ જીતી જાય છે. આઠે પહોર એનો આનંદ ટળતો નથી.' (પુરુષોત્તમ બોલ્યા પ્રીતે)

૩) સત્સંગમાં અચળ પાયો રહે : ભગવાન સ્વામિનારાયણ જણાવે છે કે જેને ભક્તોનો મહિમા હોય તે ક્યારેય આ દિવ્ય સત્સંગમાંથી પાછો પડતો નથી, અને તેનો પાયો સત્સંગમાં અચળ રહે છે, *'સંતમાં જેને ગુણ ગ્રહણ કર્યાનો સ્વભાવ હોય તેનો જ સત્સંગમાં દૃઢ પાયો થાય છે અને જેને સંતમાં ગુણ લીધાનો સ્વભાવ ન હોય તે સત્સંગમાં રહ્યો છે તોપણ એનો દૃઢ પાયો નથી.' (વચનામૃત લોયા ૫)*

૪) બ્રહ્મરૂપ થવાય : ભક્તોનો ગુણ ગ્રહણ કરવાથી આપણું જીવન પણ અનેક સદ્‌ગુણોથી મઘમઘી ઊઠે છે, અને ધીરે ધીરે માયા પર બ્રહ્મરૂપ થઈ જવાય છે. અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી કહે છે, *'ભગવાનના ભક્તના ગુણ કહેવા; તેમાંથી જીવ બ્રહ્મરૂપ થઈ જાય.' (સ્વામીની વાતો ૪/૧૩૬)*

❖ મહિમાના વિચારના શબ્દો :

- **મારે દરેકમાંથી કેવળ ગુણ જ ગ્રહણ કરવા છે. કોઈના અવગુણ મારે જોવા નથી.**
- **આ સત્સંગમાં આવેલ દરેક ભક્ત પરમ ભાગ્યવાન છે. ભગવાન અને સંતના સંબંધને લીધે તેઓ દિવ્ય છે, અક્ષરધામના અધિકારી છે, મારા માથાના મુગટ સમાન છે.**

આ શબ્દોનું મનન કરવાથી ભક્તોનો મહિમા દૃઢ થતો જશે.

❖ મહિમાના વિચારને અનુરૂપ કીર્તન :

અત્રે આપેલ કીર્તનના શબ્દો પર પણ વિચાર કરી શકાય, જેનાથી ભક્તોનો મહિમા વિશેષ દૃઢ થશે.

મારા વા'લાજી શું વા'લપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ,
તે વિના કેને ભજીએ રે.... ટેક૦

સન્મુખ થાતાં શંકા ન કીજે, મર ભાલા તણા મેહ વરસે રે;
હંસ જઈ હરિજનને મળશે, પછી કાચી તે કાયા પડશે રે....તેનો૦ ૧

શૂળી ઉપર શયન કરાવે તોય, સાધુને સંગે રહીએ રે;
દુરિજન લોક દુર્ભાષણ બોલે, તેનું સુખદુઃખ સર્વે સહીએ રે....તેનો૦ ૨
અમૃતપેં અતિ મીઠાં મુખથી, હરિનાં ચરિત્ર સુણાવે રે;
બ્રહ્મા ભવ સનકાદિક જેવા, જેનાં દર્શન કરવાને આવે રે....તેનો૦ ૩
નરકકુંડથી નરસું લાગે, દુરિજનનું મુખ મનમાં રે;
મુક્તાનંદ મગન થઈ માગે વહાલા, વાસ દેજો હરિજનમાં રે....તેનો૦ ૪

❖ મહિમાનો વિચાર ક્યારે કરવો ?

- અન્ય વ્યક્તિ સાથે વ્યવહાર કરતી વખતે આ વિચાર રાખવાથી ધીરે ધીરે તેની દૃઢતા થતી જાય છે.

❖ ❖ ❖